# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્યમંત્રીમંડળે નવી નવ મહાનગરપાલિકાની રચનાને બહાલી આપતા હવે રાજ્યમાં 17 મહાનગરપાલિકા બનશે.
2) બનાસકાંઠા જીલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદને નવો જીલ્લો બનાવવાની જાહેરાત
3) ત્રીજા ત્રિમાસિક ગાળામાં રાજ્યની જીએસટી આવકમાં 19 ટકાનો વધારો
4) વર્ષ 2025 દરમિયાન અલગ અલગ ચાર જન્મોત્સવની ઉજવણી કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય
5) અમદાવાદ સહિત રાજ્યભરમાં લોકોએ નવા વર્ષના આનંદ અને ઉત્સાહ સાથે વધામણા કર્યા
6) ભારતીય શાસ્ત્રીય સંગીતના મહાકુંભ સમા સપ્તક મહોત્સવનો આજથી આરંભ

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CABINET

મુખ્યમંત્રી  ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આજે મળેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચના તેમજ બનાસકાંઠા જીલ્લાનું વિભાજન કરીને નવાં વાવથરાદ જીલ્લો બનાવવાનાં નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે. સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી,વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર- વઢવાણ, મોરબી, પોરબંદર- છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરી હતી. આ નવ મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત થશે તેમ સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું..

(બાઇટ – ઋષિકેશ પટેલ)

આ બેઠકમાં બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાનો નિર્ણય લેવાયો છે. હવે આ નવા બનનારા વાવ-થરાદ જિલ્લા સાથે રાજ્યના કુલ જિલ્લાઓની સંખ્યા ૩૪ થશે.

(બાઇટ – ઋષિકેશ પટેલ)

વાવ થારાદને નવો જીલ્લો જાહેર કરવાનાં નિર્ણયને ગુજરાત વિધાનસભા અધ્યક્ષ અને થરાદ ધારાસભ્ય  શંકર ચૌધરીએ આવકાર્યો છે. તેમણે કહ્યું કે, નવા જિલ્લાના સર્જનથી માળખાકીય અને માનવ વિકાસ સુવિધાઓમાં વધારો થશે.

. . . . . . . . . . . . .

# GST INCOME

રાજ્યને જીએસટી હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક કરતા ૧૯ ટકા વધારો નોંધાયો છે જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ એ જ સમયગાળામાં આવકમાં ૮ ટકા વધારો નોંધાયેલા છે.

રાજ્યને ચાલુ નાણાકીય વર્ષે ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીએસટી હેઠળ ૧૮ હજાર ૪૪૮ કરોડની આવક થઈ છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક ૧૫ હજાર ૫૨૦ કરોડ કરતા  બે હજાર ૯૨૫ કરોડ વધુ છે.

આજ સમયગાળામાં રાજ્યને વેટ હેઠળ  આઠ હજાર ૧૯૭ કરોડ, ઇલેકટ્રીસીટી ડ્યુટી હેઠળ  બે હજાર ૯૧૨ કરોડ તેમજ પ્રોફેશનલ ટેક્ષ હેઠળ ૬૪ કરોડ રૂપિયા મળીને કુલ ૨૯ હજાર ૬૧૭ કરોડની આવક થઈ છે.

. . . . . . . . . . . . .

# JANMOTSAV CELEBRATION

સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ સીમા ચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે..મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સ્ટીયરીંગ કમિટીની પ્રથમ બેઠકમાં સંવિધાનનો અમૃત મહોત્સવ- અને કટોકટીના ૫૦ વર્ષ, સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી , ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી અને અટલ બિહારીવાજપેયીજીના ૧૦૦મા જન્મ જયંતી વર્ષની જનભાગીદારી દ્વારા ઉજવણી કરવાનો નિર્ણય કરાયો છે. આ ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનમાળાઓ, ટ્રાઇબલ હેરિટેજને પ્રોત્સાહિત કરતા જનજાતિ ગૌરવ મેળાઓ વગેરેના સમયબદ્ધ આયોજનની વિગતવાર પ્રસ્તુતિ મુખ્યમંત્રી અને મંત્રીઓ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# CABINET - DAP FERTILIZER

કેન્દ્રીય મંત્રીમંડળે ડી-એમોનિયમ ફોસ્ફેટ - DAP ખાતરો પર પોષક તત્ત્વો આધારિત સબસિડી વધારીને 3 હજાર 500 રૂપિયા પ્રતિ મેટ્રિક ટન કરવાની મંજૂરી આપી છે. જેનાથી  ખેડૂતોને પોસાય ભાવે DAP ખાતર મળી રહેશે. નવી દિલ્હીમાં આજે કેબિનેટની બેઠક બાદ મીડિયાને સંબોધતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ખેડૂતોને હવે 1 હજાર 350 રૂપિયાના ભાવે 50 કિલોની થેલી મળતી રહેશે. આ નિર્ણયથી અંદાજે 3 હજાર 850 કરોડનો વધારાનો બોજ પડશે, જે કેન્દ્ર સરકાર ઉઠાવશે

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

# NEW YEAR

રાજ્યભરમાં નવા વર્ષના વધામણા ઉત્સાહ અને ઉમંગપૂર્વક કરાયા હતા.. નવા વર્ષના સુપ્રભાતને લોકોએ વધાવ્યું હતું. ખાસ કરીને રાજ્યના યાત્રાધામોમાં નવા વર્ષનાં પ્રથમ દર્શન માટે ભાવિક ભક્તોની ભીડ જોવા મળી હતી.. યાત્રાધામ અંબાજી અને સોમનાથમાં ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો.

ભાવિક ભક્તોએ આજના નવા વર્ષ આરંભે પોતાના પરિવાર અને દેશની અને રાજ્યની પ્રગતિ માટેની પ્રાર્થના કરી હતી.

. . . . . . . . . . . . .

# POLICE KARYAVAHI

નવા વર્ષની ઉજવણી દરમિયાન રાજ્યમાંથી કેટલાંક જિલ્લાઓમાં ગુના કરેલા લોકોને પોલીસે પકડીને કાર્યવાહી હાથ ધરી છે. જેમાં અમદાવાદ શહેર પોલીસે ગઈરાત્રે પ્રોહિબિશનનાં 218 કેસ નોંધ્યાં છે. તો, ડિંક એન્ડ ડ્રાઈવનાં 223 કેસ પકડ્યાં છે. સિંધુ ભવન રોડ પરથી ડ્રગ્સ અંગે ઝડપાયેલા લોકોનો બોડકદેવ પોલીસ વિભાગમાં ગુનો નોંધ્યો છે. અમદાવાદમાં અમુક આયોજકો પાસેથી પાંચ લાખ સાઈઠ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ અંગે અમદાવાદ ડિસીપી ઈન્ચાર્જ રીમા મુન્શીએ વધુ માહિતી આપી છે.

(બાઈટ - ડિસીપી ઈન્ચાર્જ - રીમા મુન્શી)

આ ઉજવણી દરમિયાન દારૂનો નશો કરીને આવતાં કેટલાંક શખ્સોને શામળાજી બોર્ડરથી ઝ઼ડપી પાડવામાં આવ્યાં છે. પોસીસ દ્વારા બારથી વધુ દારૂ પીધેલા અટકાયત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# ANKLESHWAR ACCIDENT

દમણમાં નવા વર્ષની વેલકમ પાર્ટી ઉજવીને સવારે નીકળેલા અંકલેશ્વરના 5 યુવકોનો વલસાડ હાઇ-વેના કુંડી બ્રિજ પાસે અકસ્માત થયો હતો. પ્રાથમિક વિગત અનુસાર ડિવાઈડર વટાવીને મુંબઇ તરફ જતા ટેમ્પો સાથે કાર અથડાતા અકસ્માત સજાયો હતો. કારમાં સવાર અંકલેશ્વરના 5 યુવકોને ઇજાઓ પહોંચતા 108ની મદદ લઈને ઇજાગ્રસ્ત યુવકોને નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતને લઈને મુંબઈ તરફ જતો વાહન વ્યવહાર અસરગ્રસ્ત થયો હતો. ડુંગરી પોલીસ ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# SAPTAK V/C

ભારતીય વાદ્ય કલાને પ્રદર્શિત કરતો સપ્તક કાર્યક્રમ આજથી અમદાવાદમાં શરૂ થઈ રહ્યો છે. આ સંગીતના મહાકુંભમાં દેશભરના ટોચના શાસ્ત્રીય કલાકારો 13 દિવસ સુધી સંગીત સાધનાને સંગીતપ્રેમીઓ સમક્ષ પ્રસ્તુત કરશે પ્રસ્તુત છે એક અહેવાલ...

(વાઈસ કાસ્ટ – અનિલ પટેલ)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન તાપમાન મોટે ભાગે સામાન્ય રહેવાની શક્યતા છે. જોકે કેટલાંક જિલ્લાઓમાં રાત્રીનાં તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થઈ શકશે.

અમદાવાદ હવામાન વિભાગનાં નિયામક એ.કે. દાસ જણાવ્યું છે કે,અત્યાર સુધીમાં ગુજરાત ઉપર ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે તથા તેની ગતિ પાંચથી દસ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે છે આગામી દિવસમાં તાપમાન યથાવત રહેશે. આ ઉપરાંત તેમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થઈ શકે છે અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન 16 ડીગ્રી સેલ્સિયસ ની આસપાસ રહેવાની સંભાવના છે તથા મુખ્યત્વે રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન પણ એકાદ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે. જેથી વર્ષ 2025 ની શરૂઆતમાં ઠંડીનું પ્રમાણ ઓછું વર્તાશે.

. . . . . . . . . . . . .

# GUJ VIDHYAPITH

ગુજરાત વિદ્યાપીઠના અમદાવાદના થલતેજના ગ્રામ વિસ્તરણ કેન્દ્રના પુસ્તકાલયને અદ્યતન બનાવાશે. યુવાનો આ વાંચનાલયનો મહત્તમ ઉપયોગ કરે એ પ્રકારે તેનો વિકાસ કરાશે. ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે યોજાયેલી ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાનાગારમાં 30 લાખ રૂપિયાના ખર્ચે નવો અદ્યતન ફિલ્ટરેશન પ્લાન્ટ તૈયાર કરવાનો  નિર્ણય પણ આ બેઠકમાં લેવાયો હતો.

ગૂજરાત વિદ્યાપીઠના અંભેટીનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મિલેટ્સ અને ચોખાનું ઉત્પાદન કેન્દ્ર બને, દેથલીનું કેન્દ્ર બીજ ઉત્પાદન અને ફૂડ પ્રોસેસિંગનું મહત્વનું સેન્ટર બને તથા રાંધેજાનું કેન્દ્ર પંચસ્તરીય પ્રાકૃતિક ખેતીનું આદર્શ મોડેલ બને એ માટેના નિર્ણયો પણ આ બેઠકમાં લેવાયા હતા.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR TRAIN

મહાકુંભ મેળા માટે ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી આવતીકાલથી એક વન-વે વિશેષ ટ્રેન દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે ભાવનગર મંડળના સીનીયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યાં મુજબ, મહાકુંભ મેળા-2025 દરમિયાન મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોના વધારાના ધસારાને પહોંચી વળવા ભાવનગર ટર્મિનસ - પ્રયાગરાજ સ્ટેશનો વચ્ચે સ્પેશિયલ ભાડા પર એક વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# DANG BETHAK

ડાંગના આહવા ખાતે કલેક્ટર મહેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં માર્ગ સલામતિ અંગે શાળાઓમાં સેમિનાર યોજવા, CPR ની તાલીમ આપવી તેમજ વ્યાપક પ્રમાણમાં જિલ્લાના નાગરીકોને માર્ગ સલામતિ અંગે જાગૃતિ ફેલાય તે હેતુથી, સોશિયલ મિડિયા પર શોર્ટ ફિલ્મ તેમજ પોસ્ટરો દ્વારા પ્રચાર પ્રસાર કરી લોકોમાં જાગૃતિ ફેલાવા જણાવ્યું હતું.  આઉપરાંત પ્રવાસન સ્થળોએ અને માર્ગોમાં અકસ્માત નિવારવા માટે સાઈન બોર્ડ, માર્કિંગ, લાઈટીંગ વગેરે સત્વરે સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગ માર્ગ અને મકાન સ્ટેટ/પંચાયતને સૂચના આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .